સુવિચાર : માણસમાં સિદ્ધિ મેળવવાની તાકાતનો અભાવ નથી હોતો.. પરંતુ કામ કરવાની મરજીનો અભાવ હોય છે - અખંડ આનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૨૭ | ૧૬ જુલાઇ, ૨૦૧૫, ગુરૂવાર ; અધિક અષાઢ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



નીતિ આયોગની બેઠકમાં જમીન બિલ પર વિસ્તારપૂર્વક ચર્ચા Page-6

# જિલ્લાના ૫૦ ટકા બાળકોને લખતાં, વાંચતા કે ગણતા નથી આવડતુ!!

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના ૫૦ટકા બાળકો લેખન-ગણન અને વાંચનમાં નબળા હોવા ઉપરાંત હિન્દી, વિજ્ઞાન,

**૨૦૧૩ની તુલનામાં ૨૦૧૪નું પરીણામ ચોંકાવનારું જ નહિ પણ ચિંતાજનક છે : ૨૮ પ્રાથમિક શાળાને ૦થી ૪ માર્કસ જ મળ્યા છે : હિન્દી, વિજ્ઞાન, સંસ્કૃત તેમજ સા. વિજ્ઞાન વિષયના પરિણામ સૌથી નબળા**

સંસ્કૃત તેમજ સામાજિક વિજ્ઞાનના વિષયમાં અત્યંત નબળા છે.

આ હકીકત ગુણોત્સવના તાજેતરમાં જાહેર થયેલ પરિણામમાં છતી થતાં શિક્ષણ સત્તાવાહકોએ મૌન ધારણ કરી લીધું છે તેમજ આ માટેની ચિંતન શિબિર પણ આખી વ્યુહરચના ગુણવત્તાસભર શિક્ષણ માટે તૈયાર કરી નવો જ એકશન પ્લાન તૈયાર કરવાનું તંત્રના અધિકારીઓ વિચારી રહ્યા છે.

મળતી વિગતો મુજબ નબળા પરિણામોને લઈ તંત્ર એ મનોમંથન પણ હાથ ધર્યું છે એટલું જ નહિ આગામી દિવસોમાં કેટલાક મહત્વના પગલાંઓ પણ લેવાય તેવા સંકેતો મળી રહ્યા છે.

રાજયના પાટનગરનો જિલ્લો ગાંધીનગર જ શિક્ષણની ગુણવત્તાને લઈ પ્રશ્નાર્થમાં મુકાયો હોવાથી સામાજિક જાગૃતિ માટે પણ તંત્ર દ્વારા પ્રયાસો કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

ગુણોત્સવના પરિણામમાં એ+ ગ્રેડની શાળા સંખ્યા ઘટી, એ ગ્રેડ મેળવતી શાળાઓની સંખ્યામાં પણ ૭.૫૫ ટકા જેટલો ઘટાડો નોંધાતા સૌની ઉંઘ હરામ થઈ જવા પામી છે. સી ગ્રેડ મેળવતી શાળાઓની સંખ્યા ૧૭.૫૬ ટકા અને ડી ગ્રેડ મેળવતી શાળાઓની સંખ્યા ૫.૬૬ ટકા જેટલી થતી હોવાથી શિક્ષણની ગુણવત્તાનો મુદ્દો અત્યંત સંવેદનશીલ બની ગયો છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગુણોત્સવ

● અનુસંધાન પાન-૭ પર

## ગુણવત્તાસભર શિક્ષણ માટે ૧૭મીએ મહાત્મા મંદિરમાં મંથન થશે

**મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ આખો દિવસ મંથન બેઠકમાં હાજરી આપશે**

**રાજ્યભરના બી.આર.સી.થી લઈ શિક્ષણના તમામ વર્ગના અધિકારીઓ હાજર રહેશે**

ગાંધીનગર, તા. ૧૫

ગુણવત્તાસભર શિક્ષણની ચિંતા હવે સરકારને કોરી ખાઈ રહી છે અને એટલે ૧૭મી જુલાઈના રોજ રાજ્યના બી.આર.સી., કેળવણી નિરીક્ષકથી લઈ તાલુકા અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓની એક વિશેષ ચિંતન શિબિર મહાત્મા મંદિર ખાતે યોજવામાં આવી છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ચિંતન શિબિરમાં રાજ્યના મુખ્યમંત્રી અને પૂર્વ આચાર્યા શ્રીમતિ આનંદીબેન પટેલ ખાસ હાજર રહેનાર છે. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્યમંત્રી શ્રી વાનાણી ઉપરાંત શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં ગુણવત્તા માટે ચિંતન થવાનુ છે. આખો દિવસ મંથન બેઠક ચાલશે. આ માટે જુદા જુદા જૂથોની રચના અને સંવાદ સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

સામાજિક જાગૃતિ શિક્ષણ માટે વધે એટલુ જ નહિ પણ શુ ખુટે છે, કઈ ત્રુટીઓ છે સહિતની બાબતો પર આ મંથન બેઠકમાં ચર્ચાઓ થશે.











(તસવીર : દિપક જાની)

પ્રતિભા ખોજ - ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક શાળાના બાળકો માટે પ્રતિભા ખોજ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. શહેરના ૮૦૦થી વધુ બાળકોએ વૈવિધ્ય રંગમંચલક્ષી અભિવ્યક્તિ કરી હતી. બાળકોની આંતરિક શક્તિના વિકાસ સંદર્ભે યોજાયેલ રંગારંગ કાર્યક્રમમાં બાળકોનો ઉત્સાહ અનેરો હતો....

# ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગાંધીનગર બોર્ડ ઓફ ડીરેક્ટર્સની સામાન્ય ચૂંટણી - ૨૦૧૫ નું જાહેરનામું

નમૂનો -૧
(જુઓ નિયમ-૧૬)

ગાંધીનગર જીલ્લા કલેક્ટરની કચેરીના હુકમનં સીબી/એડીએમ-૨/વશી.૧૫૭૭/૭૮ તા. ૬-૫-૨૦૧૫ થી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. ગાંધીનગર, સેક્ટર-૨૫, ગાંધીનગરના સામાન્ય ચૂંટણી માટે કલમ-૧૪૫(ખ) અન્વયે અમોને અધિકૃત કરવામાં આવેલ જે અન્વયે નમુના નં.૧ અંગેની ચુંટણીની નોટીસ તારીખ- ૧૧/૦૬/૨૦૧૫ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ જે અન્વયે નામ. ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.એ.નં.૯૯૪૦/૨૦૧૫ તથા સ્પે.સી.એ.નં.૧૦૪૭૪/૨૦૧૫ દાખલ થયેલ જે અન્વયે નામદાર કોર્ટએ આપેલ આદેશ મુજબ તથા નામદાર સુપ્રિમકોર્ટના sip(c)no(s)26017/2013 ના આપેલ તા. ૧૯/૧૧/૧૪ના ચુકાદા મુજબ મતદાર મંડળ નક્કી કરવાના થતા હતા જે મતદાર મંડળ નક્કી કરવાના કામે કલેક્ટરશ્રી, ગાંધીનગર એ તા. ૧૩/૦૭/૧૫ના પત્ર નં.સીબી/એડીએમ-૨/વશી.૨૧૫૯/૨૦૧૫થી અધિકારો સુપ્રત કરેલ જે અન્વયે અત્રેની કચેરીએથી મતદાર વિભાગો નક્કી કરવામાં આવેલ છે. તા. ૧/૬/૨૦૧૫થી મતદાર યાદીની તમામ સભાસદ મંડળીઓની તથા મંડળીના અધિકૃત પ્રતિનિધિની આખરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈ ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબત નિયમો-૧૯૮૨ના નિયમ-૧૬થી મળેલ સત્તાની રૂએ..

હું રાકેશકુમાર વી. વ્યાસ, ચૂંટણી સત્તાધિકારી અને પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગર આથી જાહેર કરૂ છું કે, ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગાંધીનગરના નામે ઓળખાતી સહકારી સમિતિના બોર્ડ ઓફ ડીરેક્ટર્સના ૧૨ (બાર) સભ્યોની ચૂંટણી થવાની છે જે ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) અધિનિયમ, ૨૦૧૫ તેમજ સુપ્રિમકોર્ટ દ્વારા SLP (C)No.(S)26017/2013 તા. ૧૯-૧૧-૨૦૧૪ના ચુકાદા મુજબ નિશ્ચિત મતદાર મંડળીઓના મતદારોને કુલ ૧૨ (બાર) વિભાગોમાં ભૌગોલિક રીતે વહેંચવામાં આવેલા છે. જે પૈકીના ૦૧ (એક) થી ૦૪ (ચાર) વિભાગ માત્ર મહિલા ડીરેક્ટર માટે અનામત છે. જેમાં માત્ર મહિલા મતદાર જ ઉમેદવારી કરી શકશે. બાકીના ૦૫ (પાંચ) થી ૧૨ (બાર) એવા કુલ-૦૮ (આઠ) વિભાગ જનરલ ડિરેક્ટરો માટેના છે. જેમાં સ્ત્રી કે પુરૂષ મતદાર ઉમેદવારી કરી શકશે. દરેક વિભાગમાં સમાવિષ્ટ મતદારે તેજ વિભાગમાંથી ઉમેદવારી કરવાની, દરખાસ્ત કે ટેકો આપવાનો રહેશે અને તા. ૧૪/૭/૧૫ ના હુકમથી નક્કી કરવામાં આવેલ મતદાર મંડળ અથવા મતદાર મંડળો(જેનો આમાં હવે પછી "સંબંધિત મતદાર મંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની ચૂંટણી સંબંધમાં.

A સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક ૦૧ (એક) થી ૧૨ (બાર) વિભાગો સામે સદરહું અનુસૂચિના અનું.નં.૧ માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સંબંધિત મતદાર મંડળના કુલ ૧૨ (બાર) વિભાગો (જેમાં પ્રથમ ૦૪ (ચાર) વિભાગ મહિલા ડિરેક્ટર માટે અનામત છે) સંબંધમાં ઉમેદવારીપત્રો મેળવવા માટેની છેલ્લી તારીખ અને સમય સંબંધિત મતદાર મંડળ સામે અનું.નં.૧ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારી પત્ર મેળવવાના સ્થળ તરીકે નક્કી કરેલ છે.

B સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગ સામે સદરહું અનુસૂચિના અનું.નં.૨ માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સંબંધિત મતદાર મંડળના તમામ વિભાગના સંબંધમાં ઉમેદવારી પત્રો તૈયાર કરવા માટેની છેલ્લી તારીખ અને સમય અને સંબંધિત મતદાર મંડળ સામેના કોલમ-૨ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારી પત્ર તૈયાર કરી શકાય તે સ્થળ તરીકે નક્કી કરેલ છે.

C સંબંધિત મતદાર મંડળ પ્રત્યેક વિભાગ સામે સદરહું અનુસૂચિના અનું.નં.૩ માં નિર્દિષ્ટ કરેલ તારીખને સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગ સંબંધમાં મળેલા ઉમેદવારી પત્રોની પ્રસિધ્ધિ માટેની તારીખ નક્કી કરેલ છે.

D સંબંધિત મતદાર મંડળ સાથે સદરહું અનુસૂચિના અનું.નં.૪ માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગમાં મળેલા ઉમેદવારી પત્રોની ચકાસણી માટેની તારીખ અને સમય અને સંબંધિત મતદાર મંડળ સામે અનુક્રમનં. ૪ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને મળેલા તમામ ઉમેદવારીપત્રોની ચકાસણી માટેના સ્થળ તરીકે નક્કી કરેલ છે.

E સંબંધિત મતદાર મંડળ પ્રત્યેક વિભાગ સામે સદરહું અનુસૂચિના અનું. નં. ૫ માં નિર્દિષ્ટ કરેલ તારીખને વિભાગવાર માન્ય ઉમેદવારી પત્રોની પ્રસિધ્ધિ માટેની તારીખ નક્કી કરેલ છે.

F સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસૂચિના અનું. નં. ૬ માં નિર્દિષ્ટ કરેલ તારીખ, સમય અને સ્થળને સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગ સંબંધમાં ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરેલ છે.

G સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસૂચિના અનું. નં. ૭ માં નિર્દિષ્ટ કરેલ તારીખને સંબંધિત મતદાર મંડળ પ્રત્યેક વિભાગ સંબંધમાં વિભાગવાર હરીફ ઉમેદવારોની છેલ્લી યાદીની પ્રસિધ્ધિની તારીખ તરીકે નક્કી કરેલ છે.

H સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસૂચિના અનું. નં. ૮ માં નિર્દિષ્ટ કરેલ તારીખને ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગાંધીનગરના વિભાગ દીઠ સભ્યોની ચૂંટણી કરવાનું જ્યાં જરૂરી હોયતો જે તારીખે તે કરવાની હોય તે તારીખ નક્કી કરેલ છે.

I સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસૂચિના અનું. નં. ૯ માં નિર્દિષ્ટ કરેલ સમયને મતદાન કરવાના સમય તરીકે નક્કી કરેલ છે.

J સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસૂચિના અનું. નં. ૧૦ તથા ૧૧ માં નિર્દિષ્ટ કરેલ તારીખ, સમય અને સ્થળે મતગણતરી તથા પરિણામ જાહેર માટેની તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરેલ છે.

K સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસૂચિના અનું. નં. ૧૨ માં નિર્દિષ્ટ કરેલ તારીખે પરિણામ જાહેર કર્યાબાદ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની તારીખ નક્કી કરેલ છે.

**ચૂંટણી સત્તાધિકારી**
**ગાંધીનગર સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ગાંધીનગર,**
**અને પ્રાંત અધિકારી, ગાંધીનગર**

| અ.નં. | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની તારીખ અને સમય |
|---|---|---|
| ૧. | ઉમેદવારીપત્રો મેળવવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ (જાહેર રજાના દિવસો સિવાય) | તારીખ :- ૨૭-૦૭-૨૦૧૫<br>સમય :- ૧૧.૦૦ થી ૩.૦૦ કલાક દરમિયાન<br>સ્થળ :- પ્રાંત કચેરી, બીજો માળ, જીલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ૨ | ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ (ભરીને પરત આપવા માટેની) (જાહેર રજાના દિવસો સિવાય) | તારીખ :- ૨૭-૦૭-૨૦૧૫<br>સમય :- ૧૧.૦૦ થી ૩.૦૦ કલાક સુધી<br>સ્થળ :- પ્રાંત કચેરી, બીજો માળ, જીલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ૩ | મળેલા ઉમેદવારી પત્રોની પ્રસિધ્ધની તારીખ | જે તારીખે મળે તે તારીખે ૧૮.૦૦ કલાકે<br>સ્થળ :- (૧) પ્રાંત કચેરી, બીજો માળ, જીલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર<br>(૨) મામલતદાર ગાંધીનગરની કચેરી, ગાંધીનગર. |
| ૪ | ઉમેદવારી પત્રોની ચકાસવાની તારીખ, સમય અને સ્થળ | તારીખ :- ૨૮-૦૭-૨૦૧૫<br>સમય :- ૧૧.૦૦ કલાક થી<br>સ્થળ :- પ્રાંત કચેરી, બીજો માળ, જીલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ૫ | માન્ય ઉમેદવારી પત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ | તારીખ :- ૨૯-૦૭-૨૦૧૫<br>સમય :- ૧૨.૦૦ કલાકે |
| ૬ | ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવાની તારીખ, સમય અને સ્થળ (જાહેર રજાના દિવસો સિવાય) | તારીખ :- ૦૧-૦૮-૨૦૧૫<br>સમય :- ૧૧.૦૦ થી ૧૫.૦૦ કલાક સુધી<br>સ્થળ :- પ્રાંત કચેરી, બીજો માળ, જીલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ૭ | હરીફ ઉમેદવારોની છેવટની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ | તારીખ :- ૦૧-૦૮-૨૦૧૫<br>સમય :- ૧૭.૦૦ કલાકે |
| ૮ | મતદાન જરૂરી હોય તો તેની તારીખ અને સ્થળ | તારીખ :- ૦૮-૦૮-૨૦૧૫<br>સ્થળ :- સભાખંડ, ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગાંધીનગર. સે-૨૫. ગાંધીનગર. |
| ૯ | જે સમય દરમ્યાન મતદાન થશે તે સમય | સમય :- ૯.૦૦ થી ૧૫.૦૦ કલાક સુધી |
| ૧૦ | મત ગણતરી માટેની તારીખ, સમય અને સ્થળ | તારીખ :- ૦૮-૦૮-૨૦૧૫<br>સમય :- ૧૬.૦૦ કલાકથી<br>સ્થળ :- સભાખંડ, ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગાંધીનગર. સે-૨૫. ગાંધીનગર. |
| ૧૧ | મતદાનનું પરિણામ જાહેર કરવાની તારીખ | તારીખ :- ૦૮-૦૮-૨૦૧૫<br>મતગણતરી પછી તરત જ |
| ૧૨ | ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની તારીખ | તારીખ :- ૦૮-૦૮-૨૦૧૫<br>પરિણામ જાહેર કર્યા બાદ |

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૪/૦૭/૨૦૧૫
નં.પીઓ/એડીએમ/ચટણ/વશી.૨૨૮૭/૨૦૧૫
પ્રાંત અધિકારી, ગાંધીનગરની કચેરી
બીજો માળ, જીલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર

**ચૂંટણી સત્તાધિકારી**
**ગાંધીનગર સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.,**
**ગાંધીનગર અને પ્રાંત અધિકારી, ગાંધીનગર**